તા. ૦૭-૧૨-૨૦૨૪
દિવ્ય ભાસ્કર પાના નં. ૦૨

# 5 વર્ષ પછી 1.42 કિમી રૂટનું કામ પૂરું રવિવારથી મેટ્રો થલતેજ ગામ સુધી જશે



થલતેજથી થલતેજ ગામ સુધીના 1.42 કિલોમીટર રૂટ પર તમામ કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. હવે રવિવારથી મેટ્રો થલતેજ ગામ સ્ટેશન સુધી જશે. હાલના તબક્કે થલતેજ ગામ ખાતે બે એન્ટ્રી અને એક્ઝિટ ગેટ ચાલુ કરાશે. હાલમાં પેસેન્જરોના ધસારાને ધ્યાનમાં રાખી સવાર-સાંજ પિકઅવર્સમાં દર 9થી 10 મિનિટના અંતરે તેમજ અન્ય સમયમાં દર 12 મિનિટના અંતરે મેટ્રો દોડાવાશે. શહેરમાં ફેઝ-1માં ઈસ્ટ વેસ્ટ અને નોર્થ સાઉથ કોરિડોર મળી નિર્ધારિત 40 કિલોમીટર રૂટ પર મેટ્રોનું સંચાલન શરૂ થઈ જશે. જમીન સંપાદન, કોર્ટ કેસ સહિત અન્ય ટેકનિકલ કારણોસર આ રૂટ અને સ્ટેશનની કામગીરી થઈ શકી ન હતી.